## પતિ સાથેના ઝઘડામાં પરિણીતાનો આપઘાત

સુરતઃ કાપોદ્રાના સૂર્યકિરણ એપાર્ટમેન્ટમાં રહેતી ૨૨ વર્ષીય પરિણીતા એકતા ચૌહાણે ઝેરી દવા પીને આપઘાત કરી લીધો હતો. રત્નકલાકાર અશોકભાઈ ચૌહાણ સાથે એકતાના બે વર્ષ પહેલા લગ્ન થયાં હતાં. લગ્નજીવન દરમિયાન દંપતી વચ્ચે અવારનવાર ઝઘડા થતા રહેતા હતા. આથી એકતાએ ઝેર પી લીધું હતું. તબિયત લથડતાં ખાનગી હોસ્પિટલ લઈ જવાઈ હતી, જ્યાં સારવાર દરમિયાન મંગળવારે સવારે તેનું મોત નીપજ્યું હતું.

## અમરોલી લૂંટ-તોડફોડ કેસમાં આરોપીનાં જામીન ફગાવાયાં

સુરતઃ અમરોલી પોલીસ સ્ટેશને આરોપી વિરુદ્ધ ગુનો નોંધાયો હતો. જેલવાસ ભોગવતાં આરોપીએ જામીન અરજી કરી હતી. અરજદાર તરફે જામીન અરજી મંજૂર કરવા દલીલ કરાઈ હતી. મૂળ ફરિયાદી તરફે સોગંદનામું રજૂ કરી જામીન અરજીનો વિરોધ કરાયો હતો. ફરિયાદ પક્ષે એ.પી.પી. એ. પી. વસોયાએ જામીન અરજીનો વિરોધ કર્યો હતો. બંન્ને પક્ષની દલીલો સાંભળ્યા બાદ કોર્ટે આરોપીની જામીન અરજી નામંજૂર કરી હતી.

## ડભોલીમાં વીજ કરંટ લાગતાં યુવકનું મોત

સુરતઃ મૂળ ઉત્તરપ્રદેશના વતની દીપુ બાબુરામ યાદવ (ઉ.વ.22) હાલ અમરોલી છાપરાભાઠા રોડની મણી પરસોત્તમ સોસાયટીમાં ભાઈ સાથે રહી પીઓપીનું કામ કરતો હતો. હાલમાં દીપુ ડભોલીની સમર્થ પાર્ક સોસાયટીમાં એક મકાનમાં પીઓપીનું કામ કરતો હતો. દરમિયાન કરંટ લાગતાં સારવાર માટે સ્મીમેર હોસ્પિટલમાં લઈ આવ્યો હતો. જ્યાં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

## ઉત્રાણના બીકોમના વિદ્યાર્થીનો ઝેર પી આપઘાત

સુરતઃ ઉત્રાણની રામેશ્વર રેસિડેન્સીમાં રહેતા અને મૂળ માંગરોળના સેસવાડના રત્નકલાકાર મનોજભાઈ પટેલના ૧૯ વર્ષીય પુત્ર પ્રેમે આપઘાત કરી લીધો હતો. અમરોલીની ઝેડ. ઝેડ. શાહ કોલેજમાં બી.કોમ.માં અભ્યાસ કરતા પ્રેમને પરીક્ષામાં એટીકેટી આવતાં તે તણાવમાં હતો. રવિવારે રાત્રે તેણે ઝેર પી લેતાં ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નીપજ્યું હતું.

## હથિયાર કેસમાં રીઢો 'જીતુ બિલ્લો' પકડાયો

સુરતઃ અડાજણ પોલીસ મથકમાં ગેરકાયદે હથિયારના ગુનામાં ફરાર જીતુ ઉર્ફે બિલ્લો રાઠોડને એસ.ઓ.જી.ની ટીમે નાનપુરા મક્કાઈપુલ ખાતેથી ઝડપી પાડ્યો છે. નાનપુરા, ડક્કા ઓવારા, ઝુંપડપટ્ટીમાં રહેતા આરોપી જીતુની કડક પૂછપરછ દરમિયાન તેણે ચોંકાવનારી કબૂલાત કરી હતી કે, આજથી પાંચેક વર્ષ પહેલાં જ્યારે તે તાપી નદીમાં નહાવા પડ્યો હતો, ત્યારે તેને નદીના પટમાંથી દેશી બનાવટના ૪ તમંચા મળ્યા હતા. જેમાંથી એક તમંચો તેણે પોતાના મિત્ર અંકિતને આપ્યો હતો, જ્યારે બાકીના ૩ તમંચા સાથે તે વર્ષ ૨૦૨૪માં ડી.સી.બી.માં પકડાઈ ચૂક્યો છે.

## અડાજણમાં રોકડા રૂ.1.25 લાખ, 6 મોબાઈલની ચોરી

સુરતઃ અડાજણની કસ્તુરબા મહિલા સોસાયટીમાં રહેતા કલ્પેશભાઈ રમેશભાઈ મેવાવાલાની પ્રાઇમ આર્કેડ પાસે જગદંબા કોલ્ડ્રિંક્સ નામની દુકાનમાંથી રોકડા રૂ.૧,૨૫,૦૦૦ની ચોરી થઈ હતી. સીસીટીવીમાં દેખાયું હતું કે બે ચોર ચોરી કરી ગયા હતા. બીજી ઘટનામાં અડાજણની ભગવાન પાર્ક સોસાયટીમાં આવેલા 'અક્ષર પી.જી.' બંગલામાં રહેતા મૂળ માંડવીના ઉમંગ મનિષભાઈ મિસ્ત્રી (ઉ.વ.૨૩)નો ગત ઓશિકા પાસે મુકેલો મોબાઈલ ચોરાઈ ગયો હતો. ચોર પીજીના તમામ યુવકોના કિંમતી ફોન ચોરી ગયો હોવાનું બહાર આવ્યું હતું.

# કાલે જગન્નાથજીની રથયાત્રા

**સુરતમાં** સાત સ્થળેથી નીકળનારી રથયાત્રામાં ઈસ્કોનની રથયાત્રા સૌથી મોટી

**ઉપરાંત** પાંડેસરા, મહિધરપુરા, અમરોલી, સચિનમાં પણ રથયાત્રા નીકળશે

**સમગ્ર** શહેરમાં ભક્તિમય માહોલ સર્જાશે, રથનું દોરડું ખેંચવાથી પુણ્ય પ્રાપ્ત થવાની માન્યતા

**ધાર્મિક** કાર્યક્રમો, ભાવવાહી ભજન-કિર્તન પણ યોજાશે

સુરતઃ પવિત્ર અષાઢી બીજના મંગલમય પર્વે ગુરૂવારે સુરત શહેરમાં ભગવાન જગન્નાથજીની નગરચર્યાને લઈને ભાવિક ભક્તોમાં અદ્ભુત ઉત્સાહ અને અપ્રતિમ હર્ષોલ્લાસ જોવા મળી રહ્યો છે. આ શુભ દિવસે સુરતના વિવિધ વિસ્તારોમાંથી કુલ સાત ભક્તિસભર સ્થળોએથી પ્રભુની પરંપરાગત રથયાત્રાઓ પ્રસ્થાન કરશે.

તમામ યાત્રાઓમાં ઈસ્કોન મંદિર દ્વારા આયોજિત રથયાત્રા સૌથી વિશાળ, આકર્ષક અને ભવ્ય માનવામાં આવે છે. આ દિવ્ય રથયાત્રામાં દર વર્ષે અગણિત શ્રદ્ધાળુઓ ઉમટી પડે છે. પવિત્ર સુરત રેલવે સ્ટેશનથી પ્રારંભ થઈને આ યાત્રા શહેરના મુખ્ય અને સુશોભિત માર્ગો પરથી પસાર થઈ મંદિર પરિસરે પહોંચશે. માર્ગો પર ભક્તો દ્વારા સુમધુર ભજન-કીર્તન અને ગગનભેદી જયઘોષ સાથે સમગ્ર વાતાવરણને આનંદમય અને પવિત્ર બનાવી દેવામાં આવશે. આ ઉપરાંત શહેરના અન્ય પ્રસિદ્ધ ધામો પાંડેસરા સ્થિત જગન્નાથ મહાપ્રભુ મંદિર, મહિધરપુરાનું ઐતિહાસિક ગોડિયા બાવા મંદિર, અમરોલીનું ભવ્ય લંકા વિજય હનુમાન મંદિર, સચીન સ્થિત સ્થાપિત જગન્નાથ મંદિરથી પણ પરંપરાગત અને આસ્થાપૂર્વક રથયાત્રાઓ યોજાશે. દરેક સ્થાને ધાર્મિક કાર્યક્રમો, ભાવવાહી ભજન-કીર્તન, નયનરમ્ય શોભાયાત્રા અને તૃપ્તિદાયક મહાપ્રસાદના સુંદર આયોજન સાથે અલૌકિક ભક્તિમય વાતાવરણ સર્જાશે.

### રથયાત્રાનો મહિમા શું છે?

ભગવાન જગન્નાથજીની રથયાત્રા એ સનાતન ધર્મનો સૌથી પ્રાચીન અને ગૌરવશાળી ઉત્સવ છે, જેનું મૂળ અને મુખ્ય કેન્દ્ર ઓડિશાનું પવિત્ર પુરી ધામ છે. પૌરાણિક માન્યતાઓ અનુસાર, દયાળુ ભગવાન જગન્નાથ, બળવાન ભાઈ બલભદ્ર અને લાડકવાઈ બહેન સુભદ્રા અષાઢ સુદ બીજના શુભ દિવસે પોતાના ભવ્ય અને દિવ્ય રથમાં બિરાજમાન થઈ માસીના ઘર સમાન પાવન ગુન્ડીચા મંદિરે પધારે છે. ત્યાં નવ દિવસ સુધી આનંદપૂર્વક નિવાસ કર્યા બાદ તેઓ ફરી પોતાના મુખ્ય મંદિરે પરત ફરે છે. આ યાત્રા એ પ્રભુ પોતાના વ્હાલા ભક્તોને સન્મુખ આવીને દર્શન આપવાનો મૂલ્યવાન અવસર છે, તેથી તેને 'લોકકલ્યાણની યાત્રા' પણ કહેવાય છે. એવી દ્રઢ શ્રદ્ધા છે કે ભગવાનના આ પવિત્ર રથનું દોરડું ખેંચનાર ભક્તોને વિશેષ અને અક્ષય પુણ્યની પ્રાપ્તિ થાય છે. આ જ કારણે, દર વર્ષે અસંખ્ય ભક્તો આ મહાઉત્સવમાં જોડાઈને પ્રભુના અમૂલ્ય આશીર્વાદ મેળવી ધન્યતા અનુભવે છે.

# નવી લાઇનના ચેકિંગમાં પાણી નીકળ્યું તો લાઈન તૂટ્યાની અફવા ફેલાઈ

**વેસુની** ઘટનામાં મનપાની સ્પષ્ટતા, જે લાઈન નંખાઈ તેનાથી ડુમસ-ભીમપોર, અઠવા ઝોનને વૈકલ્પિક પુરવઠો મળશે



સુરત : વેસુમાં મંગળવારે વરસાદ ન હોવા છતાં અચાનક મોટી માત્રામાં પાણી રસ્તા પર ફરી વળતાં મુખ્ય લાઇન તૂટી હોવાની અફવા ફેલાઈ હતી. સોશિયલ મીડિયામાં પણ પાઇપલાઇન ફાટ્યાના દાવા થતાં મહાપાલિકાએ સત્તાવાર સ્પષ્ટતા કરી હતી કે શહેરમાં કોઈપણ પાણીની લાઇન તૂટી નથી.

ડુમસ, ભીમપોર સહિત અઠવા ઝોનના વિસ્તારોને ભવિષ્યમાં વધુ વિશ્વસનીય અને વૈકલ્પિક પાણી પુરવઠો મળી રહે તે માટે વરિયાવ વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ (WTP) થી રાંદેર અને અઠવા ઝોનના જળવિતરણ મથકો સુધી નવી ટ્રાન્સમિશન નળીકા બિછાવવામાં આવી છે. આ નવી લાઇન કાર્યરત કરતાં પહેલાં તેની અંદરની ગંદકી અને કચરો દૂર કરવા ફ્લશિંગની કામગીરી કરાઈ રહી છે. ફ્લશિંગ વેળા મોટી માત્રામાં પાણી છોડાતાં વેસુના કેટલાક માર્ગો પર પાણી ફરી વળ્યું હતું. પરિણામે વાહનચાલકોને થોડા સમય માટે અવરજવરમાં મુશ્કેલી પડી હતી અને પાઇપલાઇન તૂટી હોવાની ચર્ચા શરૂ થઈ હતી.

મનપાએ જણાવ્યું કે ફ્લશિંગ પૂર્ણ થયા બાદ નવી ટ્રાન્સમિશન લાઇનનું ટ્રાયલ રન હાથ ધરાશે. કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદ રાંદેર અને અઠવા ઝોનની અંદાજે બે લાખથી વધુ વસ્તીને વધારાના તેમજ વૈકલ્પિક પાણી પુરવઠાનો લાભ મળશે.

# નામ બદલીને રહેતો રીઢો આરોપી રામઅવતાર ઝબ્બે

**છ વર્ષ** પહેલાના ગુનામાં ફરાર હતો, અંકલેશ્વરથી ડીસીબીએ પકડી લીધો

સુરતઃ 2020થી આર્મ્સ એક્ટના ગુનામાં ફરાર રીઢા રામઅવતારને ડીસીબી પોલીસે અંકલેશ્વરથી પકડી પાડ્યો હતો. મૂળ રાજસ્થાનનો 45 વર્ષિય રામઅવતાર ઉર્ફે મહમદ ઈસ્લામ અંસારી રીઢો ગુનેગાર છે. તે પોલીસથી બચવા નામો બદલતો હતો. તેણે રામકુમાર, રામલાલ અને રાજકુમાર જેવા ખોટા નામો ધારણ કર્યા હતા. પોલીસને બાતમી મળી હતી કે તે હાલ અંકલેશ્વરના સંજાલીમાં 'મહમદ ઈસ્લામ'ના નામે ઓળખ છુપાવીને રહે છે. જેના આધારે ક્રાઈમ બ્રાન્ચે દોઢ મહિના સુધી ખાનગી વોચ ગોઠવી હતી. આરોપીની ઓળખની ખાતરી થતાં જ પોલીસે ઘેરો ઘાલીને તેને દબોચી લીધો હતો.

ઓગસ્ટ-૨૦૨૦માં સુરત ક્રાઈમ બ્રાન્ચે લસકાણા ડાયમંડનગર પાસેથી દેશી પિસ્ટલ અને ૩ જીવતા કારતૂસ સાથે રૂઘારામ સારણ નામના આરોપીની ધરપકડ કરી હતી. પૂછપરછ દરમિયાન રૂઘારામે કબૂલાત કરી હતી કે આ હથિયાર તેને રામઅવતારે આપ્યું હતું. ત્યારથી રામઅવતાર પોલીસ પકડથી દૂર ભાગતો ફરતો હતો.

### રામઅવતાર સામેના વિવિધ ગુના

» કામરેજ પો.સ્ટે. વાહનચોરી (૨૦૦૯) » કોસંબા પો. સ્ટે. ઘરફોડ ચોરીના બે ગુના (૨૦૧૦-૨૦૧૭) » ઓલપાડ પો.સ્ટે. ઘરફોડ ચોરીનો પ્રયાસ (૨૦૧૪) » અડાજણ પો.સ્ટે. જાહેર જનતાને ત્રાસ (૨૦૧૬) » અરવલ્લી બાયડ પો. સ્ટે. ઘરફોડ ચોરી (૨૦૨૧) » અંકલેશ્વર રૂરલ આર્મ્સ એક્ટનો ગુનો (૨૦૨૧)

# ગેરકાયદે બેઝમેન્ટ બનાવનાર 'જૈનમ ગ્રુપ' સામે પોલીસ ફરિયાદ કરાશે

**અલથાણ** વિસ્તારના આ પ્રોજેક્ટમાં બીજી તારીખે માટી ધસી પડી હતી, તાત્કાલિક પુરાણ માટે મનપાની નોટિસ

**હાલમાં** ચોમાસામાં ખોદકામ કરવાની મંજૂરી નહીં હોવા છતાં પણ બિલ્ડર દ્વારા ખોદકામ કરવામાં આવ્યું

સુરતઃ સુરત મહાનગરપાલિકાના અઠવા ઝોન દ્વારા અલથાણ વિસ્તારમાં આવેલા જૈનમ ગ્રુપના એક પ્રોજેક્ટમાં મંજૂરી વિના જ બેઝમેન્ટ બનાવવામાં આવતાં કડક કાર્યવાહી કરવામાં આવી છે. મનપાએ તાત્કાલિક પુરાણ કરવા માટે તાકીદ કરવાની સાથે પોલીસ ફરિયાદની તજવીજ શરૂ કરી છે.

ટી.પી. સ્કીમ નં. 37 (અલથાણ-સાઉથ), ફાઈનલ પ્લોટ નં. 36 પૈકીના સબ પ્લોટ નં. એ વાળી મિલકત પર શ્રી જૈનમ ગ્રુપ દ્વારા મનપાની કોઈ પણ પ્રકારની પરવાનગી મેળવ્યા વિના બેઝમેન્ટનું ખોદાણ કામ કરવામાં આવી રહ્યું હતું. આ ગેરકાયદેસર ખોદાણના કારણે ગત 2 જુલાઈ 2026 ના રોજ ત્યાં મોટા પ્રમાણમાં માટી ધસી પડવાની ગંભીર ઘટના બની હતી. જેને પગલે આસપાસના વિસ્તારમાં મોટું જોખમ ઊભું થતાં અઠવા ઝોન દ્વારા બિલ્ડરને અગાઉ મનાઈ હુકમ અને કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી હતી, મનપાની નોટિસનો અનાદર કરવા બદલ અલથાન પોલીસ સ્ટેશનમાં પણ આ અંગે લેખિત જાણ કરવામાં આવી છે. સુરત મહાનગરપાલિકાએ આ બાબતને અત્યંત ગંભીરતાથી લઈને બિલ્ડરને સ્પષ્ટ ચેતવણી આપવામાં આવી છે કે તેઓ આ નોટિસ મળતાની સાથે જ તાત્કાલિક ધોરણે જોખમી બેઝમેન્ટનું પુરાણ (પૂરી દેવાનું કામ) શરૂ કરે અને 1 દિવસની અંદર આખી જગ્યાને સમતળ કરી દે. જો બિલ્ડર દ્વારા આ સૂચનાનું પાલન કરવામાં નહીં આવે, તો તેમની સામે કાનૂની રાહે કડક ફોજદારી પગલાં સહિતની તમામ નિયમોનુસારની કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે તેવું સુરત મહાપાલિકાના અધિકારીઓ દ્વારા જણાવાયું છે.

# હિન્દુ સગીરાની જાતીય સતામણી મુદ્દે વિધર્મી રિક્ષા ચાલકને બે વર્ષની સજા

**આરોપી** હોરર કે એડલ્ટ સ્ટોરી સંભળાવવાના નામે અશ્લીલ હરકતો કરતો હતો

સુરતઃ સગીર બાળા સાથે જાતીય સતામણીના કેસમાં બેગમપુરા તુલસી ફળિયાનાં રિક્ષાચાલક મોહંમદ સઈદખાન મોહંમદ શરીફખાન ઉર્ફે ફરીદખાન પઠાણને સ્પેશિયલ પોક્સો કોર્ટે દોષિત ઠેરવી બે વર્ષની સજા કરી હતી.

ઉત્રાણ પોલીસ સ્ટેશને વર્ષ ૨૦૨૪માં નોંધાયેલાં આ કેસની હકીકત મુજબ ૧૩ વર્ષની હિન્દુ બાળા(વિદ્યાર્થિની) ટ્યુશન જવા માટે આરોપીની રિક્ષામાં આવન-જાવન કરતી હતી. આરોપી બાળાને વારંવાર "હોરર કે એડલ્ટ સ્ટોરી" સાંભળવાનું કહી અશોભનીય હરકતોની વાતો કરતો હતો. ત્યારબાદ બાળાને અયોગ્ય રીતે સ્પર્શ કરવાનો પ્રયાસ કર્યો હતો. બાળાએ ઘરે પહોંચીને સમગ્ર ઘટના માતાને જણાવતાં પરિવારજનોએ પોલીસને જાણ કરી હતી. ઉત્રાણ પોલીસે આરોપી વિરુદ્ધ પોક્સો એક્ટ અન્વયે કાયદેસરની કાર્યવાહી કરી હતી. આ કેસની ન્યાયિક કાર્યવાહી સ્પેશિયલ પોક્સો કોર્ટમાં ચાલી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ વિશાલ ફળદુ કેસ પુરવાર કરવામાં સફળ થયાં હતાં. બન્ને પક્ષની રજૂઆત અને દસ્તાવેજી પુરાવાને ધ્યાને રાખી કોર્ટે આરોપી રિક્ષાચાલક મોહંમદ સઈદખાન મોહંમદ શરીફખાન ઉર્ફે ફરીદખાન પઠાણને બે વર્ષની સજા અને ૧૫૦૦૦નો દંડ ફટકાર્યો હતો.

# આજથી અષાઢી ગુપ્ત નવરાત્રિ શરૂ ભક્તો માતાની ભક્તિમાં લીન થશે

**નવ** દિવસ સુધી સુરતનાં મંદિરોમાં જપ-તપ, ઉપાસના અને સાધનામાં અનેક ભક્તો સામેલ થશે



સુરતઃ આવતીકાલે તા. 15 જુલાઈથી અષાઢી ગુપ્ત નવરાત્રિનો પ્રારંભ થશે. અષાઢ સુદ એકમથી નોમ સુધી, એટલે કે 15થી 23 જુલાઈ દરમિયાન ઉજવાતી આ નવરાત્રિ આધ્યાત્મિક સાધના, જપ-તપ, ધ્યાન અને આત્મશુદ્ધિ માટે વિશેષ મહત્વ ધરાવે છે. નવ દિવસ દરમિયાન સુરત શહેરના વિવિધ શક્તિપીઠો, દેવી મંદિરો અને આશ્રમોમાં વિશેષ ધાર્મિક કાર્યક્રમો યોજાશે, જ્યારે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ માતાજીની ભક્તિમાં લીન બની ધાર્મિક અનુષ્ઠાનોમાં જોડાશે.

ધાર્મિક માન્યતા મુજબ ચૈત્ર અને શારદીય નવરાત્રિ દરમિયાન માતાજીની જાહેર આરાધના, ગરબા અને સામૂહિક ધાર્મિક કાર્યક્રમોનું વિશેષ આયોજન થતું હોય છે, જ્યારે અષાઢી ગુપ્ત નવરાત્રિ અંતરની સાધના અને ગુપ્ત ઉપાસના માટે જાણીતી છે. આ સમયગાળા દરમિયાન સાધકો દસ મહાવિદ્યાની આરાધના, મંત્રજપ, ધ્યાન, હવન, અનુષ્ઠાન અને તપસ્યા દ્વારા આધ્યાત્મિક શક્તિ પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરે છે. સુરતના અંબાજી, આશાપુરી, બહુચર માતા સહિતના દેવી મંદિરો તેમજ વિવિધ આશ્રમોમાં દુર્ગા સપ્તશતીના પાઠ, વિશેષ પૂજા-અર્ચના, હવન અને જપ-અનુષ્ઠાનનું આયોજન કરાયું છે. 9 દિવસ દરમિયાન ભક્તોને ક્રોધ, અહંકાર, નકારાત્મક વિચારોનો ત્યાગ કરી સાત્વિક જીવનશૈલી અપનાવવા પ્રેરણા આપવામાં આવી રહી છે.

## ડચ ગાર્ડનમાં યુવકના ગળે બ્લેડના ઘા ઝીંકી મોબાઈલ-રોકડની લૂંટ

સુરતઃ નવસારી બજાર તલાવડી પાસે રાજેશ્રી ક્વાર્ટર્સમાં રહેતા અનિતાબેન લકુમનો ભાઈ દીપક સુરેશભાઈ મારુ ગઈકાલે રાત્રે નાનપુરાના ડચ ગાર્ડનમાં આંટો મારવા ગયો હતો. દરમિયાન અજાણ્યા લૂંટારુએ દીપકને આંતર્યો હતો. પ્રતિકાર થાય તે પહેલાં જ હુમલાખોરે દીપકના ગળા અને ગરદનના ભાગે બ્લેડથી ત્રણ ઘા મારી લોહીલુહાણ કરી દીધો હતો. બદમાશ દીપક પાસેથી આશરે રૂ. ૫,૦૦૦ની કિંમતનો સ્માર્ટફોન અને ખિસ્સામાં રહેલા રોકડા રૂ. ૭૦૦ મળી કુલ રૂ. ૫,૭૦૦ની મત્તા આંચકીને ભાગી છૂટ્યો હતો. આ લોહિયાળ લૂંટ અંગે અઠવા પોલીસે ગુનો નોંધી, ગાર્ડનની આસપાસના સીસીટીવી ફૂટેજના આધારે નાસી છૂટેલા હુમલાખોરને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# હનીટ્રેપમાં વૃદ્ધ તબીબને ફસાવી નાણાં ખંખેરનારો ચીટર 'રાજુ મામા' પકડાયો

**રૂપલલનાના** ઇશારે ટીન્ડર એપ પર પ્રેમજાળ પાથરી વડોદરા બોલાવ્યા

**નકલી** પોલીસ બની લાખો લૂંટનાર સાગરીત એસ.ઓ.જી.ના સકંજામાં

સુરતઃ વડોદરાના તબીબને હનીટ્રેપમાં ફસાવી 6 લાખથી વધુ ખંખેરનારો રાજુ ઝડપાયો હતો.

વડોદરાના એક વૃદ્ધ ડોક્ટરને ગત તા. ૪/૨/૨૦૨૬ના રોજ આરોપી પ્રવિણ ઉર્ફે રાજુમામાની સાથી મહિલા મિત્રએ સોશિયલ મીડિયા ડેટિંગ એપ્લિકેશન 'ટીન્ડર' પર પ્રેમજાળમાં ફસાવ્યા હતા. ત્યારબાદ આ મહિલાએ વૃદ્ધ ડોક્ટરને મળવા માટે વડોદરા ખાતે બોલાવ્યા હતા. ડોક્ટર જેવા ત્યાં પહોંચ્યા કે તુરત જ આરોપી પ્રવિણ અને તેના અન્ય સાથીદારોએ ત્યાં ધસી આવી પોતાની ઓળખ 'પોલીસ' તરીકે આપી હતી. આ નકલી પોલીસે વૃદ્ધ ડોક્ટરને ખોટા કેસમાં ફસાવીને બદનામ કરવાની ધમકી આપી તેમના બેંક એકાઉન્ટમાંથી રૂ.૬,૧૦,૦૦૦ કઢાવી લીધા હતા. આ અંગે ભોગ બનનારે વડોદરાના કપુરાઈ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. દરમિયાન એસ.ઓ.જી.એ વોચ ગોઠવી હતી. ત્યારે બાતમીના આધારે વરાછા ઝોન ઓફિસ પાસે વસુંધરા સોસાયટી નજીકથી આરોપી પ્રવિણ ઉર્ફે રાજુમામા ભોળાભાઈ રાઠોડ (ઉ.વ.૪૫, રહે. પુણાગામ, સુરત, મૂળ રહે. મહુવા, ભાવનગર) ને ઝડપી પાડ્યો હતો. ઝડપાયેલો આરોપી પ્રવિણ ઉર્ફે રાજુમામા માત્ર વડોદરા જ નહીં, પરંતુ સુરતમાં પણ નકલી પોલીસ બની લોકોને લૂંટતી ટોળકીનો મુખ્ય સૂત્રધાર છે. તેની સામે અગાઉ સુરતના અલગ-અલગ પોલીસ સ્ટેશનોમાં ગંભીર ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે. જેમાં જહાંગીરપુરા પો.સ્ટે. (૨૦૨૪) તોડબાજી, ધમકી અને નકલી પોલીસ બનવાનો ગુનો, સારોલી પો.સ્ટે. (૨૦૨૪) બળજબરીથી નાણાં પડાવવા અને ગુનાહિત કાવતરું (BNS હેઠળ), વરાછા પો.સ્ટે. (૨૦૨૪) ખંડણી અને મારપીટનો ગુનો, કતારગામ પો.સ્ટે. (૨૦૨૫)ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ અને બળજબરીથી વસૂલાતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધાયો હતો. હાલમાં એસ.ઓ.જી. પોલીસે આરોપીની અટકાયત કરી કપુરાઈ પોલીસ સ્ટેશન (વડોદરા) ને સોંપવા માટેની કાયદેસરની તજવીજ હાથ ધરી છે.

**આજે વિશ્વ યુવા કૌશલ્ય દિવસ** AI આધારીત ઘોસ્ટ બાઈસિકલ, ગરુડા બાઈક, કેપ્સયુલ કાર સહિત અનેક પ્રોડક્ટ બનાવી શિવમે નામ રોશન કર્યું

# સતત સ્કિલ અપગ્રેડ કરતાં રહેવું જોઈએ: શિવમ મોર્યા





સુરતઃ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ઓટોમેશન અને ડિજિટલ ટેક્નોલોજીના ઝડપી વિકાસના યુગમાં માત્ર ડિગ્રી નહીં પરંતુ કૌશલ્ય જ સફળતાની સાચી ઓળખ બની રહ્યું છે. દર વર્ષે 15 જુલાઈએ ઉજવાતા વિશ્વ યુવા કૌશલ્ય દિવસ નિમિત્તે સુરતના યુવા બી.ટેક. એન્જિનિયર અને ઈનોવેટર શિવમ મૌર્યા તથા તેમની ટીમની સિદ્ધિઓ યુવાનો માટે પ્રેરણારૂપ બની છે.

શિવમ મૌર્યાએ પોતાની ટીમ સાથે એઆઈ આધારિત અનેક નવીન પ્રોડક્ટ્સ અને પ્રયોગો વિકસાવી ટેક્નોલોજી ક્ષેત્રે આગવી ઓળખ ઉભી કરી છે. તેમની ટીમે ઘોસ્ટ બાઈસિકલ, ગરુડા એઆઈ બાઈક, કેપ્સ્યુલ કાર, સિંગલ વ્હીલ બાઈક, બનાના કાર અને હટ કાર જેવી અનોખી શોધો તૈયાર કરી છે.

આ પ્રોડક્ટ્સને સોશિયલ મીડિયા અને ટેક્નોલોજી ક્ષેત્રે દેશ-વિદેશમાં નોંધપાત્ર પ્રતિસાદ મળ્યો છે. શિવમ મૌર્યાનું કહેવું છે કે ભવિષ્ય એઆઈ, રોબોટિક્સ અને ઓટોમેશનનું છે. તેથી યુવાનોએ સતત નવી ટેક્નોલોજી શીખવી, પોતાની સ્કિલ્સ અપગ્રેડ કરવી અને પ્રયોગશીલ બનવું જરૂરી છે. માત્ર ડિગ્રીથી નહીં, પરંતુ કૌશલ્ય અને સર્જનાત્મક વિચારસરણીથી જ વૈશ્વિક સ્તરે આગવી ઓળખ બનાવી શકાય છે. ટેક્સટાઈલ, ડાયમંડ, ડ્રોન, ઈલેક્ટ્રિક વ્હીકલ અને એઆઈ જેવા ક્ષેત્રોમાં ઝડપથી વિકસતા સુરત જેવા ઔદ્યોગિક શહેરમાં શિવમ મૌર્યા અને તેમની ટીમની સફળતા એ સ્પષ્ટ સંદેશ આપે છે કે યોગ્ય દિશામાં વિકસાવેલી સ્કિલ્સ યુવાનોને સ્થાનિક સ્તરેથી વૈશ્વિક મંચ સુધી પહોંચાડી શકે છે.

### શિવમ હાલમાં મનુષ્ય જેવો રોબોટ બનાવી રહ્યો છે, પ્રોજેક્ટ ટ્રાયલ સ્ટેજમાં છે

સુરતના યુવા ઇનોવેટર શિવમ મૌર્યા હાલમાં પોતાના નવા ઇન-હાઉસ પ્રોજેક્ટ તરીકે માનવ જેવા દેખાતા હ્યુમનોઇડ રોબોટના નિર્માણમાં વ્યસ્ત છે. આ પ્રોજેક્ટ હાલમાં ટ્રાયલ સ્ટેજમાં છે અને તેને સફળ બનાવવા માટે તેઓ વિવિધ આંતરરાષ્ટ્રીય ઓનલાઈન પ્લેટફોર્મ પરથી માર્ગદર્શન અને ટેક્નિકલ તાલીમ મેળવી રહ્યા છે. શિવમના જણાવ્યા મુજબ, રોબોટનું સૌપ્રથમ અત્યાધુનિક 3-ડી મોડેલ તૈયાર કરવામાં આવશે, ત્યારબાદ તેના દરેક હલનચલન, પ્રતિભાવ અને કાર્યપદ્ધતિ માટે જરૂરી કોડિંગ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનું ઇન્ટિગ્રેશન કરવામાં આવશે. રોબોટનું સંપૂર્ણ મેકેનિઝમ એલ્યુમિનિયમથી તૈયાર કરવામાં આવશે, જેથી તે મજબૂત હોવા છતાં હળવો રહે. પ્રોટોટાઇપ તૈયાર થયા બાદ તેને વિવિધ તબક્કામાં ટેસ્ટિંગ અને ટ્રાયલ હેઠળ રાખવામાં આવશે, જેથી તેની કામગીરીમાં જરૂરી સુધારા કરી શકાય.

### શિવમે કઈ કઈ પ્રોડક્ટ બનાવી

» ઘોસ્ટ બાઈસિકલ, » ગરુડા એઆઈ બાઈક, » કેપ્સ્યુલ કાર, » સિંગલ વ્હીલ બાઈક, » બનાના કાર » હટ કાર

## પત્ની પિયરે ચાલી જતાં યુવકનો આપઘાત

સુરતઃ ભાઠા ગામના માલિક મહોલ્લામાં 32 વર્ષીય સુનીલ રાઠોડ પત્ની તેમજ 3 વર્ષની પુત્રી સાથે રહેતો હતો. સુનીલે સોમવારે ઘરમાં લોખંડના એંગલ સાથે દુપટ્ટો બાંધી ફાંસો ખાઈ લીધો હતો. પોલીસ તપાસમાં જાણવા મળ્યું હતું કે, સુનિલનો એકાદ મહિના પહેલા પત્ની સાથે ઝઘડો થતાં પત્ની ભાઠાગામ ખાતે પિયર ચાલી ગઈ હતી. તે પરત ન આવતા સુનીલે આપઘાત કર્યાની શક્યતા છે.

